દાખલ તારીખ. ૦૧–૧૧–૨૦૨૫
નોંધ્યા તારીખ. ૦૧–૧૧–૨૦૨૫
ફેંસલ તારીખ. ૩૦ –૦૩–૨૦૨૬
સમય મર્યાદા વર્ષ માસ દિવસ
૦૦ – ૦૪ – ૨૯

सत्यमेव जयते

**<u>થરાદના મહે. એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, કુ. એ.એચ.મુન્દ્રા સાહેબની કોર્ટમાં, મુ. થરાદ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૧૧૦૩/૨૦૨૫</u>**
**આંક–૧૨**

**ફરિયાદી :– શ્રી સરકાર,**

**<u>–//વિરૂધ્ધ//–</u>**

**આરોપી નં :– જગતાભાઈ ધનાભાઈ રબારી,**
**રહે., ગણેશનગર સોસાયટી, વજેગઢ, થરાદ,**
**તા.થરાદ.**

.............

**તહોમત :– <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૨૪(૪), ૩૫૧(૩), મુજબ.</u>**

.............

**<u>ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.ખાખલેચા.</u>**

**<u>આરોપીઓ પક્ષે વિ.વકીલ શ્રી એસ.ડી.દેસાઈ</u>**

.............

**<u>–// જ જ મે ન્ટ //–</u>**

**૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, " તા. ૦૨/૦૯/૨૦૨૪ ના રોજ મોજે વજેગઢ ગામે સનફલાવર હોટલની પાછળ ના ભાગે આ કામના ફરીયાદી તહોમતદારની પત્નીએ કરેલ કેસમાં સાહેદ હોય

જે બાબતે તહોમતદારે તે કેસમાં ફરીયાદીને સાક્ષી તરીકે રહીશ તો તને માર મારીશ તેવી ધમકી આપેલ હોય અને ગઈ તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ સાંજના પાંચેક વાગ્યાના આરસામાં આ કામના ફરીયાદી તથા સાહેદ રમીલાબેન ફરીયાદીના ઘરે જતા હતા ત્યારે આ કામના તહોદારે ફરીયાદીનું એકટીવા ઉભુ રખાવવાનો ઈશારો કરતાં ફરીયાદીએ એકટીવા ઉભું ન રાખતા ફરીયાદી પોતાના પર આગળ એકટીવા પાર્ક કરતા હતા તે વખતે આ કામના તહોમતદાર જગતાભાઈ તેના હાથમાં કુહાડી લઈ આવી ફરીયાદીને કુહાડી મારવા જતાં ફરીયાદી ખસી જતાં કુહાડી એકટીવાના આગળના ભાગે મારેલ અને ફરીથી તહોમતદાર ફરીયાદીને મારવા સારુ કુહાડી ઉગરામતા સાહેદ રમીલાબેને પાછળથી તહોમતદારના હાથમાંની કુહાડી પકડી લીધેલ અને બાદ આ કામના તહોમતદારે ફરીયાદીને ભુંડી ગાળો બોલી ગડદાપાટુનો માર મારતાં હોબાળો થતાં ફરીયાદીની બહેન ભાવનાબેન તથા રમીલાબેન તથા આજુબાજુના માણસો આવી જતાં ફરીયાદીને વધુ માર માંથી છોડાવેલ ત્યારે આ કામના તહોમતદારે ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી બન્ને એકટીવાને કુહાડીથી નુકશાન કરી ગુનો કર્યા અંગેની ફરીયાદીએ થરાદ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ આપતા, થરાદ પોલીસ સ્ટેશને ગુ.ર.નં. ૧૧૧૯૫૦૫૦૨૫૦૮૦૬/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૨૯૬(બી), ૩૨૪(૪), ૩૫૧(૩) મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરી તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આરોપી સામે ચાર્જશીટ કરેલ છે.

**૨)** સદર કામે આરોપીઓ વિરૂદ્ધનું ચાર્જશીટ આવી જતાં અત્રેથી સમન્સ બજવણી બાદ આરોપી હાજર થતાં, બી.એન.એસ.એસ.ની કલમ– ૨૩૦ ની જોગવાઈનું પાલન કરી, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપી, તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૪ અન્વયે આરોપીને ગુના અંગે સમજ કરી, આરોપી વિરૂદ્ધ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી, આરોપીને ગુનાની કબુલાત અંગે પૂછતાં તેઓને ગુનો કબુલ નથી, કેસ આગળ ચલાવવાનો છે તેમ જણાવતાં, આંક–૦૪ આરોપીની પ્લી રેકર્ડ કરી કેસ આગળની કાર્યવાહી સારૂ રાખવામાં આવેલ.

**૩)** આ કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી

પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

૧. આંક–૦૬ થી ફરીયાદી સીતાબેન જગાભાઈ દેસાઈ ની જુબાની

૨. આંક–૦૮ થી સાહેદ રમીલાબેન પરખાભાઈ ચૌધરીની જુબાની

**દસ્તાવેજી પુરાવા**

૧. આંક– ૦૭ થી ફરીયાદ

૨. આંક– ૦૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું.

૩. આંક– ૧૦ થી હથિયાર રીકવરી પંચનામું.

૪. આંક– ૧૧ થી ફરીયાદ પક્ષે કલોઝીંગ પુરશીશ.

**૪)** ફરીયાદ પક્ષ તરફે ઉપરોક્ત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવાઓ રજૂ થયેલ નથી. ફરીયાદ પક્ષના પુરાવાને ધ્યાને લેતાં આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતો ન હોય સદર કામે આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૫)** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.એ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં, ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોઈ, આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

**૬)** જ્યારે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી.એ દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાઓ વંચાણે લેતાં આરોપી વિરૂદ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો ન હોઈ, જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૭)** આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–૦ મુદ્દાઓ૦–**

**૧...** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,"

તા. ૦૨/૦૯/૨૦૨૪ ના રોજ મોજે વજેગઢ ગામે સનફલાવર હોટલની પાછળ ના ભાગે આ કામના ફરીયાદી તહોમતદારની પત્નીએ કરેલ કેસમાં સાહેદ હોય જે બાબતે તહોમતદારે તે કેસમાં ફરીયાદીને સાક્ષી તરીકે રહીશ તો તને માર મારીશ તેવી ધમકી આપેલ હોય અને ગઇ તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ સાંજના પાંચેક વાગ્યાના આરસામાં આ કામના ફરીયાદી તથા સાહેદ રમીલાબેન ફરીયાદીના ઘરે જતા હતા ત્યારે આ કામના તહોદારે ફરીયાદીનું એકટીવા ઉભુ રખાવવાનો ઈશારો કરતાં ફરીયાદીએ એકટીવા ઉભું ન રાખતા ફરીયાદી પોતાના પર આગળ એકટીવા પાર્ક કરતા હતા તે વખતે આ કામના તહોમતદાર જગતાભાઇ તેના હાથમાં કુહાડી લઇ આવી ફરીયાદીને કુહાડી મારવા જતાં ફરીયાદી ખસી જતાં કુહાડી એકટીવાના આગળના ભાગે મારેલ અને ફરીથી તહોમતદાર ફરીયાદીને મારવા સારુ કુહાડી ઉગરામતા સાહેદ રમીલાબેને પાછળથી તહોમતદારના હાથમાંની કુહાડી પકડી લીધેલ અને બાદ આ કામના તહોમતદારે ફરીયાદીને ભુંડી ગાળો બોલી ગડદાપાટુનો માર મારતાં હોબાળો થતાં ફરીયાદીની બહેન ભાવનાબેન તથા રમીલાબેન તથા આજુબાજુના માણસો આવી જતાં ફરીયાદીને વધુ માર માંથી છોડાવેલ ત્યારે આ કામના તહોમતદારે ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી બન્ને એકટીવાને કુહાડીથી નુકશાન કરી ભારતીય ન્યાય સંહિતા ની કલમ- ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૨૪(૪), ૩૫૧(૩) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**૨...** શું હુકમ ?

૮) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

૯) ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

**<u>-0 કારણો 0-</u>**

**<u>મુદ્દા નં. ૧:-</u>**

સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં આરોપી વિરૂદ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા દ્ધારા રેકર્ડ પર રજૂ કરી તે મુજબનો ગુનો શંકા રહીત પુરવાર કરવો જોઈએ.આરોપી તર્ફે ઉલટતપાસ દ્ધારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવું જોઈએ અને જો કોઈ પોતાનો વિશેષ બચાવ હોય તો તે મુજબનો તેમનો બચાવ રજૂ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદ પક્ષનો પુરાવો સફળ થાય છે તેવું માની શકાય નહીં, પરંતુ સૌ પ્રથમ ફરીયાદ પક્ષ તરફે આરોપી વિરૂદ્ધ શંકા રહીતનો પુરાવો રજૂ કરવો જોઈએ તેવું કાયદાનું ધોરણ છે.

**૧૦)** ફરીયાદ પક્ષ તરફે આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે બનાવ સમયે આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોય તે હકીકત રેકર્ડ ઉપર પુરાવા દ્ધારા પુરવાર થવી મહત્વની અને જરૂરી છે.

**૧૧)** ફરીયાદ પક્ષ તરફે આંક-૬ થી ફરિયાદી સીતાબેન જગાભાઈ દેસાઈને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે," બનાવ આજથી એકાદ વરસ પહેલાં બનેલો. આ કામના આરોપી મારા બનેવી થાય છે. બનાવમાં અમારે અને આરોપી વચ્ચે મારી બેનએ આરોપી જે કેસ કરેલ હતો તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. બનાવ વખતે અમારે અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી જેથી ઘણાબધા માણસો ભેગા થઈ જતાં ધક્કામુકીમાં નીચે પડી જતાં અમોને સામાન્ય ઈજા થયેલી. આ સિવાય બીજું કોઈ બનેલ નથી. ત્યારબાદ અમો

થરાદ પો.સ્ટે. આવેલાં અને બનાવની ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક–૦૭ આપવામાં આવે છે. " સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય સદર સાહેદની વિ.એ.પી.પી.શ્રી. દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં કોઈ ફળદાયી હકીકત મળેલ નહી.

બાદમાં બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે, આરોપીએ અમોને કોઈ ગાળો બોલી માર મારેલ નથી કે, એકટીવા તોડી નાખેલ નથી કોઈ જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલી નથી.

**૧૨)** ફરીયાદ પક્ષે આંક–૦૮ થી સાહેદ રમીલાબેન પરખાભાઈ ચૌધરી ને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે," બનાવ આજથી એકાદ વરસ પહેલાં બનેલો. બનાવ વખતે હું મારી બેનપણી સીતાબેનને ત્યાં રહેતી હતી તે વખતે તેઓને તેમના બનેવી સાથે સામાન્ય બોલાચાલી થયેલી. બનાવ વખતે અમારે અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી જેથી ઘણાબધા માણસો ભેગા થઈ જતાં ધક્કામુકીમાં નીચે પડી જતાં અમોને સામાન્ય ઈજા થયેલી. આ સિવાય બીજું કોઈ બનેલ નથી. ત્યારબાદ આ કામે સીતાબેનએ થરાદ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો." સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય સદર સાહેદની વિ.એ.પી.પી.શ્રી. દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં કોઈ ફળદાયી હકીકત મળેલ નહી.

બાદમાં બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે, આરોપીએ અમોને કોઈ ગાળો બોલી માર મારેલ નથી કે, એકટીવા તોડી નાખેલ નથી કોઈ જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલી નથી.''

**૧૩)** આ કામે આંક–૬ થી તપાસવામાં આવેલ ફરીયાદી સીતાબેન જગાભાઈ દેસાઈ ની સરતપાસ વંચાણે લેતાં બનાવ વખતે ફરીયાદી અને આરોપી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી જેથી ઘણાબધા માણસો ભેગા

થઈ જતાં ધક્કામુક્કીમાં નીચે પડી જતાં સામાન્ય ઈજા થયેલી. આ સિવાય બીજુ કશું બનેલ નથી અને બનાવ બાબતે થરાદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલાની હકીકત જણાવે છે. આમ, ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી. દ્વારા ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતાં તેમાં પણ ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. જ્યારે સદર સાહેદ આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તેમજ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, આરોપીએ અમોને કોઈ ગાળો બોલી માર મારેલ નથી કે, એક્ટીવા તોડી નાખેલ નથી કે કોઈ જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલી નથી. આમ, સદરહું ફરીયાદી તેમની સમગ્ર જુબાનીમાં તેઓની ફરીયાદ હકીકતથી તદ્દન વિરોધાભાસી હકીકત જણાવે છે. જેથી ફરીયાદને માત્ર આંક પડી જવાથી તેના આવશ્યક તત્વો પુરવાર થયેલા ગણાય નહી તેમજ સદરહું ફરીયાદીની જુબાની માન્ય રાખી શકાય નહી.

આ કામે આંક– ૦૮ થી તપાસવામાં આવેલ સાહેદ રમીલાબેન પરખાભાઈ ચૌધરી ની સરતપાસ વંચાણે લેતાં, તેઓએ બનાવ એકાદ વર્ષ પહેલા બનેલો. બનાવ વખતે અમારે અને આરોપી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી જેથી ઘણાબધા માણસો ભેગા થઈ જતાં ધક્કામુક્કીમાં નીચે પડી જતા અમોને સામાન્ય ઈજા થયેલી. આ સિવાય બીજું કઈ બનેલ નથી ની હકીકત જણાવેલ. સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતાં ન હોય વિ.એ.પી.પી.શ્રી. દ્વારા ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતાં તેમાં પણ ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. જ્યારે સદર સાહેદ આરોપી તરફે કરેલ ઉલટતપાસમાં પણ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તેમજ એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, આરોપીએ અમોને કોઈ ગાળો બોલી માર મારેલ નથી કે, એક્ટીવા તોડી નાખેલ નથી કે, કોઈ જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલી નથી. આમ, સદરહું સાહેદ તેમની સમગ્ર જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઈ પણ હકીકત જણાવેલ નથી. જેથી, સદરહું ફરીયાદીની જુબાની માન્ય રાખી શકાય નહી.

**૧૪)** આમ, આ કામે રજૂ થયેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓને નજર સમક્ષ રાખી પુરાવાનું મુલ્યાંકન કરતા, અગાઉ જણાવ્યા પ્રમાણે આરોપીઓ સામેના ગુન્હાના કોઈ પણ ગુન્હાહીત તત્વોનો પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. આ કામના ફરીયાદ પક્ષે ફરીયાદી તથા સાહેદને સોગંદ ઉપર તપાસેલા છે. સદર કામે ખુદ ફરીયાદી અને સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતી હકીકતો જણાવતા નથી. આમ, ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, તા. ૦૨/૦૯/૨૦૨૪ ના રોજ મોજે વજેગઢ ગામે સનફ્લાવર હોટલની પાછળ ના ભાગે આ કામના ફરીયાદી તહોમતદારની પત્નીએ કરેલ કેસમાં સાહેદ હોય જે બાબતે તહોમતદારે તે કેસમાં ફરીયાદીને સાક્ષી તરીકે રહીશ તો તને માર મારીશ તેવી ધમકી આપેલ હોય અને ગઈ તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ સાંજના પાંચેક વાગ્યાના આરસામાં આ કામના ફરીયાદી તથા સાહેદ રમીલાબેન ફરીયાદીના ઘરે જતા હતા ત્યારે આ કામના તહોદારે ફરીયાદીનું એકટીવા ઉભુ રખાવવાનો ઈશારો કરતાં ફરીયાદીએ એકટીવા ઉભું ન રાખતા ફરીયાદી પોતાના પર આગળ એકટીવા પાર્ક કરતા હતા તે વખતે આ કામના તહોમતદાર જગતાભાઈ તેના હાથમાં કુહાડી લઈ આવી ફરીયાદીને કુહાડી મારવા જતાં ફરીયાદી ખસી જતાં કુહાડી એકટીવાના આગળના ભાગે મારેલ અને ફરીથી તહોમતદાર ફરીયાદીને મારવા સારુ કુહાડી ઉગરામતા સાહેદ રમીલાબેને પાછળથી તહોમતદારના હાથમાંની કુહાડી પકડી લીધેલ અને બાદ આ કામના તહોમતદારે ફરીયાદીને ભુંડી ગાળો બોલી ગડદાપાટુનો માર મારતાં હોબાળો થતાં ફરીયાદીની બહેન ભાવનાબેન તથા રમીલાબેન તથા આજુબાજુના માણસો આવી જતાં ફરીયાદીને વધુ માર માંથી છોડાવેલ ત્યારે આ કામના તહોમતદારે ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી બન્ને એકટીવાને કુહાડીથી નુકશાન કરી ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારાત્મક આપવામાં આવેલ છે અને મુદ્દા નં.૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

(૧) આ કામના આરોપી જગતાભાઈ ધનાભાઈ રબારી,રહે., ગણેશનગર સોસાયટી, વજેગઢ, થરાદ, તા.થરાદ વાળાનાઓને બી.એન.એસ.એસ.એક્ટની કલમ- ૨૭૧(૧) ની જોગવાઈ અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૨૪(૪), ૩૫૧(૩) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસની કલમ- ૪૮૧ મુજબ આ કામના આરોપીના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામની મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૩૦, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૩ /૨૦૨૬
થરાદ.

(કુ. અફસાના હુસેનભાઇ મુન્દ્રા)
એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,થરાદ.
GJ-01010